R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 04 • ISSUE : 03 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH DECEMBER 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કદઓ યુવાઓ + વડીલો = કદઓ કુટુંબ



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

કદઓ યુવાઓએ જ્ઞાતિની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઇએ. જ્ઞાતિ સાથે સગાસંબંધીઓને મળવું જોઇએ અને લાગણીનો વ્યવહાર પણ રાખવો જોઇએ. પણ આજના યુવાઓને પોતાની કારકિર્દી સાચવવામાં, ભણવામાં અને લગ્ન કરીને ઘર લેવામાં અને પછી લોનના હપ્તા ચુકવવામાંથી સમય નથી મળતો. તેઓ કદાચ પોતાના મા-બાપ અને ભાઇબહેનો માટે પણ સમય કાઢી નહી શકતા હોય. મુંબઇ, બેંગ્લોર અને પુના જેવા શહેરોમાં ઘરથી નોકરીના સ્થળે અને પાછા ફરવામાં જ દમ નીકળી જાય છે તો પછી પોતાના કુટુંબ તરફ કે ભાઇભાંડુઓ તરફ જોવાનો સમય ક્યાંથી મળે? એમાં પાછો મોબાઇલના વપરાશે દાટ વાળ્યો છે. ડોકું ઉપર થતું જ નથી અને ચહેરા સામે જોઇને સ્મિત રેલાવીને હવે વાતો થતી નથી.

મહિલા મંડળો, પહેડીઓ, લગ્ન અને બીજા સામાજીક કાર્યક્રમોમાં મળવાનું થાય એટલું જ, કોઇના ઘરે એમ જ અમસ્તા ચા પીવા જવાનો પણ સમય નથી. અને કોઇ ચા પીવા બોલાવતું પણ નથી. નાના કુટુંબોમાં પણ મોબાઇલ અને ટી.વી.એ કાળો કેર વર્તાવ્યો છે.

સાચું કહેજો, તમે ક્યારે તમારી સાથે તમારા ઘરમાં રહેતાં કુટુંબીજનોને કહ્યું છે કે ચાલો આજે આપણે ફક્ત આનંદની વાતો કરશું? મોબાઇલ, ટી.વી. છાપાં બધું જ પડખે મુકીને, અને જો કહ્યું હોય તો કુટુંબીજનોએ તમને આ વાતમાં સાથ આપ્યો છે?

દરેક ગામમાં અને શહેરોમાં જ્ઞાતિના યુવક મંડળો છે, વિદ્યાર્થી સંઘ છે. અનેક પ્રસંગે આ યુવાનો કાર્યક્રમો અને લગ્ન પ્રસંગો (નાના ગમોમાં) વગેરેમાં સારો ભાગ ભજવે છે. આપણી વૈદકીય સહાય યોજના અથવા રહેઠાણ યોજનાઓ, દેરાસર અને મહાજનોની વ્યવસ્થાઓને જોતાં એમ લાગે છે આમ તો જ્ઞાતિમાં બધું જ બરાબર છે પણ ફાઇવ-જીના જમાનામાં એકબીજાની થોડા વધુ નજીક આવવાની બહુજ જરૂર છે. આ માટે તમને તમારા માન, મોભા અને હોદ્દાને ક્યારેક કોરાણે મુકવો પડે તો મુકજો અને ક્યારેક તમારા કુટુંબીજનોની સંઘર્ષની વારતાઓ ધ્યાનપૂર્વક સાંભળજો. બહુજ મજા આવશે. કદાચ આટલી મજા તમને રેસ્ટોરન્ટમાં દોસ્તારો સાથે વિતાવેલ સમયમાં પણ નહીં આવે. ક્યારેક કોઇ કુટુંબીજનો તમને તેમની આપવીતી કહે તો પીડાના ગાણાં સમજીને કાઢી નહીં નાખતા. સાંભળવાનું અને આંગળી ચીંધવાનું પુણ્ય બહુ જ મહત્વ છે.

કદઓ જ્ઞાતિને આજે આવા યુવાનોની જરૂર છે. જનરેશન ગેપ ગણાવી જ્ઞાતિના પાયાના મુલ્યોને હચમચાવવાની કોશિશ નહીં કરતા. વડીલ વંદના વગેરે કાર્યક્રમો જરૂરથી સારા છે. વરિષ્ઠ નાગરિકોની અલગ સંસ્થાઓ હશે પણ યુવાનોએ એમને પણ વાર તહેવારે પોતાની સાથે ભેળવવાની જરૂર છે.

જો તમારા મુળિયાને પોષણ આપશો તો જ તમારા કુટુંબનું વૃક્ષ નવપલ્લવિત રહેશે. દવા સાથે દુઆઓ પણ કામ આવે છે. વડીલોના અનુભવો જીવનમાં આગળની યાત્રામાં જરૂર કામ આવશે.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૩, તા. ૦૫-૧૨-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૧૦)

## ગતાંકથી ચાલુ

કચ્છ રાજ્યને ભારતીય સંઘમાં ૧૯૫૫ના જોડવામાં આવેલ. શરૂઆતમાં એ 'ક'કેટેગરીનું રાજ્ય હતું. તે જમાનામાં કચ્છનો વાહન વ્યવહાર ખાનગી કંપનીને હસ્તક હતો. ફોર્ડ મોટરની આજની ટેમ્પો ટ્રાવેલર જેવી બસો મોટા કસબા જેમકે ભુજ-મુન્દ્રા-માંડવી-નલિયા-નખત્રાણા-નારાયણસરોવર-ભચાઉ-રાપરને જોડતી ચાલતી હતી.

બસમાં ડ્રાઈવરની પાછળ ૬ સીટની જગ્યા ફર્સ્ટ કલાસની હતી. તેના પછી સ્ત્રીઓ માટે ૮ અલાયદી જગ્યા હતી. અને તેના પછી સામસામે બેસી શકાય એવી કુલ્લ ૨૦ સીટોની વ્યવસ્થા હતી.

એ જુના દિવસો યાદ કરતા નિતિનભાઈએ કહ્યું કે ભુજથી ઉપડતી નલિયા માટેની બસ દેશલપરમાં ચા-પાણી અને બસને ઠંડી કરવા ૨૦-૨૫ મિનીટ ઉભી રહેતી. આમ ચારથી પાંચ કલાકે નલિયા પહોંચતી.

૧૯૫૦ પછી મુંબઈ રાજ્યમાં કચ્છને ભેળવી દેવામાં આવ્યું. કચ્છના વાહનવ્યવહારનો વિકાસ ૧૯૬૧ પછી થયો. ત્યાં સુધી રસ્તાઓની હાલત પણ બિસ્માર હતી. હાલમાં ટાટાનો 'નેનો' પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપાયા પછી ગુજરાત સરકારે ટાટા પાસેથી મુસાફર બસોની સારી એવી ખરીદી કરી છે.

કચ્છમાંથી બે નેશનલ હાઈવે પસાર થાય છે. **NH 27** અને **NH 8 Ext.** આ નેશનલ હાઈવે અને કેટલાક ગુજરાત રાજ્યના સ્ટેટ હાઈવેના કારણે વાહન વ્યવહાર અતિ સુંદર અને સરળ બન્યું છે.

વાતોવાતોમાં અમે મુન્દ્રા પોર્ટ પર આવી પહોંચ્યા. આમ તો આ પોર્ટની મુલાકાત લેવી સરળ નથી પણ અદાણી ગ્રુપના **PRO** શ્રી ઝાલા સાહેબની ઓળખાણથી અમને મુલાકાતી પાસ મળેલા.

**અદાણી પોર્ટનો ઈતિહાસ :** અદાણી પોર્ટના દરિયામાં જ આવીને ઉભેલી આયાતી તેલથી ભરેલી કે અન્ય કેમીકલથી ભરેલી સ્ટીમ્બરને ખાલી કરવાની વ્યવસ્થા છે. તેમને પોર્ટ સુધી આવવાની જરૂરત નથી.

વર્ષ ૧૯૯૪માં ગુજરાત મેરીટાઈમ બોર્ડે મુન્દ્રા બંદરની જેટી પાસે પોર્ટ વિકસાવવાની સંમતી આપી અને ૧૯૯૮માં ધ ગુજરાત અદાણી પોર્ટની સ્થાપના થઈ અને ટર્મિનલ ૧ પાસે વિકાસની શરૂઆત થઈ. ૨૦૦૧માં મુન્દ્રાથી આદિપુર સુધીનો રેલ્વે વ્યવહાર સ્થાપાયો અને ઉત્તરભારત-બિહાર સુધી માલ-સામાનની હેર ફેરના પગરણ જોડાયા.

અમારી સીક્યુરીટી ચેક થયા પછી પોર્ટનાં અધિકારી સાથે અમારી બસને પોર્ટના અમુક સ્થળોની મુલાકાત લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. અહિં ફોટોગ્રાફી કરવાની મનાઈ હોવાથી અમારે નિરાશ થવું પડ્યું.

પોર્ટનાં પરિસરમાં ૨૧ વેરહાઉસની સગવડતા પ્રાપ્ત છે. મુન્દ્રા પોર્ટે બે થર્મલ પાવર પ્લાન્ટ વિકસાવ્યા છે જ્યાં ૮૬૦૦ મેઘાવોટ વિજળીનું ઉત્પાદન થાય છે.

મુન્દ્રા પોર્ટની સ્થાપનાથી કચ્છનો સારો વિકાસ થયો છે. રોજગારીની નવી તકો ઉભી થઈ છે. કચ્છનાં ખનિજોનું મોટા પાયા પર અહીંથી નિકાસ થાય છે.

આ બંદરગાહના કારણે કચ્છમાં વિકાસ તો થયો છે પણ કેટલાક પર્યાવરણની નુકશાનીનાં દાખલા સામે આવ્યા છે. પણ ''કુછ પાને કે લિએ કુછ ખોના ભી પડતા હૈ'' જો કે અદાણી ગ્રુપ પર્યાવરણની સમતોલતા જાળવવા સતત પ્રયત્નશીલ રહ્યું છે.

આ બંદરગાહથી થયેલ વિકાસને આંખોમાં ભરી અમારી બસ સીક્યોરીટી પોઈન્ટ પર પાછી ફરી અને અમારી સાથે આવેલ વિશિષ્ટ અધિકારીનો આભાર માની કચ્છનાં વિકાસને આંખોમાં ભરી આગળ વધ્યા પણ તે પહેલા ધનપત્ની અને તિલકભાઈ વચ્ચે ચકમક ઝરી. કંડલા પોર્ટ વિશાળ કે અદાણી?? એમને સમજાવવા પડ્યા કે કંડલા પોર્ટમાં આવેલ ૭૦ ટકા કાચો માલ ફ્રી ટ્રેડ ઝોનમાં તૈયાર થઈ પાછો નિકાસ પામે છે. જ્યારે અદાણી પોર્ટમાંથી કચ્છના ખનિજોની નિકાસ વધુ થાય છે. અને અમારી બસ ''અહિંસાધામ''નાં બારણ આવી પહોંચી.

**અહિંસાધામ :** ૧૯૯૦માં શ્રી જાદવજી રવજી ગોશરે પોતાની ૫ એકરની જમીન અહિંસાધામ વિકસાવા માટે

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ

આપી. કચ્છનાં વિકાસની સાથે સાથે વાહન વ્યવહારમાં પણ વિકાસ થયો પણ તેથી ક્યારેક પશુધનને નુકશાન થવા લાગ્યું. (૧) ટ્રકથી પશુઓનાં અકસ્માત વધવા લાગ્યા, (૨) કચ્છમાં મીકેનીકલ ખેતીનો વિકાસ થવાથી, બળદોને તેમના નશીબો પર છોડી દેવાયા, (૩) દુઝણી ગાય દુધ દેતી બંધ થતાં તેમને પણ રજળતી મૂકી દેવામાં આવી.

શ્રી મહેન્દ્ર રતનશી સંગોઈના અથાગ પ્રયાસથી અને સ્વ. શ્રી દામજી લાલજી શાહ અને શ્રી જાદવજી લાલજી શાહ (એન્કરવાળાનાં સહયોગથી) કચ્છનાં પશુધનની સારસંભાળ લેવા ૧૯૯૦માં ૫ એકર જમીન અને ૨૦ પશુઓથી શરૂ કરાયેલ અહિંસાધામ આજે તેમની પ્રવૃત્તિ લગભગ ૬૦૦ એકરમાં વિકસાવી છે અને હાલમાં ૩૦૦૦ થી પણ વધુ પશુધનની સારસંભાળ લે છે. અહીં વેટરનીટી હૉસ્પિટલ નંદીસરોવરનો વિકાસ કરવામાં આવ્યો છે.

આ માહિતી સાથે અમે બસમાંથી ઉતરી અહિંસાધામની મુલાકાત લીધી. કચ્છમાં લોકસેવા કરતી આવી જ સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાનોમાં કલગી સમાન છે.

**અહિંસાધામના જુદા જુદા વિભાગો :** અત્યાધુનિક સગવડોથી સજ્જ ૧૦૮ બેડનું અને ૨૨૭થી વધારે કેપેસીટી ધરાવતું આઈ.સી.યુ. વિભાગ તાત્કાલિક અને લાંબી સારવાર માટે ઉપલબ્ધ છે.

અહીંયા વેટરનીટી ડૉક્ટરોની ટીમ મેજર અને માઈનોર ઓપરેશન કરવા માટે ઉપલબ્ધ છે. ઓપરેશન થયેલા પશુઓની માવજત બાદ તેમના માલિકોને સોંપવામાં આવે છે.

અહીં ગોલ-ગોલ ગમાણ અને ૧૨ ફૂટ હાઈટ ઉપર અષ્ટકોણ હવાડાની વ્યવસ્થા છે જેમાં ઠંડા પાણીની વ્યવસ્થા છે. ખાતર તેમજ કચરો ના ઉડે તે માટે ૧૨ ફૂટની ઉંચાઈ પર



**અહિંસાધામમાં મેજર અને માઈનર ઓપરેશન અહીં નિષ્ણાંત ડોક્ટર ટીમ દ્વારા થાય છે.**

બનાવામાં આવેલ છે.

અહીંયા શાળામાં બાળકોને જ્ઞાન આપવા શિબિરોનું આયોજન કરાય છે, જ્યાં ભગવાન મહાવીરનાં અહિંસાના ઉપદેશ પર ચર્ચા અને તેની મહત્તા સમજાવામાં આવે છે. શિબિરના અંતે શિબિરાર્થી પશુઓની સાર-સંભાળ લેશે તેના સંકલ્પો લે છે. લગભગ ૧૫૦૦૦થી પણ વધુ બાળકો દર વર્ષે આ શિબિરોમાં આજુબાજુના પ્રદેશમાંથી આવે છે.



**અહિંસાધામ મુલાકાત લીધા પછી વિદ્યાર્થીઓ જીવદયાના કાર્યો કરવાના સંકલ્પો લે છે.**

જુદા જુદા વિભાગોની મુલાકાત લીધા પછી કચ્છમાં જ નહીં પણ ભારતભરમાં પશુઓની સાર સંભાળ લેતી અનોખી હૉસ્પિટલની માહિતીથી સભર થઈ અહીંના ભોજનગૃહમાં પધાર્યા, ભોજન લઈ સંસ્થામાંથી વિદાય લેતાં પહેલાં ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે રૂા. ૫૦૦૧/-નું દાન લખાવવા અમારા ખજાનચીશ્રી નીતિન સાવલા ઓફિસમાં પહોંચી ગયા.

વધુ આવતા અંકે...



**લિમ્કા બુક અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવેલ સંસ્થાનું ગૌરવ ગોપાલ બળદ**

## મુંબઈથી વાપી હાઈવે પર વસઈ ખાડી બાદ ગુજરાત બોર્ડર સુધીના પ્રાચીન - અર્વાચીન જૈન શ્વેતાંબર તીર્થો

શ્રી દીપકભાઈ ગંગાજર ડાઘાએ સન ૨૦૦૭-૦૮માં ૧૦૮ પાર્શ્વનાથજીની યાત્રા બાદ પ્રકાશ સમીક્ષામાં એમની વિસ્તૃત શ્રૃંખલા રજુ થયેલ તે ઘણાં વાચકોને ઉપયોગી થયેલ. એ પછી પણ એમણે ભારતભરમાં ઘણા બધાં તીર્થોની સજોડે/ગ્રુપમાં યાત્રા કરી/કરાવી છે. આપને કોઈ તીર્થ ની માહિતી જોઈતી હોય તો ૮૯૭૬૦૧૭૮૩૦ પર એમનો સંપર્ક કરી શકો છો.

**૧. લોઢા ધામ :**
(ઘોડબંદર રોડ હોટલ ફાઉન્ટનથી ૭ કિ.મી.)
મૂળનાયક : શ્રી સીમંધર સ્વામી
વ્યવસ્થા : સેવા પુજા કરવા તૈયાર થવા રૂમોની વ્યવસ્થા.
ભોજનશાળા સુવિધા. રાત્રી મુકામ નિષેધ.
કોન્ટેક્ટ : ૭૫૦૬૧૮૧૮૮૦

**૨. ગિરનાર ધામઃ**
ચિન્ચોટી રોડ, (લોઢા ધામથી ૬ કિ.મી.)
મુળનાયકઃ શ્રી નેમનાથજી
મહારાજ સાહેબો માટે સુવ્યવસ્થિત વિહાર ધામ.
ધર્મશાળાનુ બાંધકામ ચાલુ છે.
કોન્ટેક્ટઃ ૯૭૬૬૭૨૯૨૧૨

**૩. મહાવીર ધામઃ** (સિરસાદ)
ગિરનાર ધામથી ૧૬ કિ.મી.
મુળનાયકઃ શ્રી મહાવીર સ્વામીજી
અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા
કોન્ટેક્ટઃ ૯૮૬૭૬૩૯૩૩૪

**૪. જીવદયા ધામ :** (ભાલિવલી - ખાનીવડે,)
મહાવીર ધામથી ૬ કિ.મી.
મુળનાયકઃ શ્રી પાર્શ્વનાથજી
અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા
ગૌશાળા પણ છે.
સંપર્કઃ ૯૧૬૭૩૨૪૮૪૪

**૫. નાકોડા ભૈરવ દર્શન ધામ :** (પાલઘર)
જીવદયા ધામથી ૧૪ કિ.મી.
મુળનાયકઃ શ્રી નાકોડા પાર્શ્વનાથજી
ચલિત પ્રતિષ્ઠાથી નાનાં મંદિરમાં પધરાવ્યાં છે.
ઘણાં વર્ષોથી મુખ્ય નૂતન જિનાલયનું કામ ચાલુ છે.
અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા છે. ગૌશાળા છે.
સંપર્કઃ ૯૮૨૧૯૫૦૯૨૪

**૬. શ્રી પ્રતાપસુરી સ્મૃતિ ધામ :** (સાતિવલી)
નાકોડા ધામથી ૩ કિ.મી.
મુળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી
સાધુ સાધ્વીજી માટે વિહાર ધામ સુવિધા.

**૭. શ્રી ધર્મ ધામ :** (દુર્વેશ, મનોર ચોકડી પાસે)
પ્રતાપ સુરી ધામથી ૧૧ કિ.મી.
મુળનાયકઃ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથજી
અતિથિગૃહ તથા ભોજનશાળા ની સુવિધા
સંપર્કઃ ૭૦૨૮૬૩૦૬૧૨

**૮. વિમલ વિહાર ધામ :** (સોમતા)
શ્રી ધર્મ ધામથી ૧૮ કિ.મી.
મુળનાયકઃ શ્રી વિમલનાથજી
અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા
સંપર્કઃ ૯૬૩૭૭૯૫૯૫૭

**૯. શ્રી મલ્લિનાથ વિહાર ધામ :** (તલાસરી)
વિમલ વિહાર ધામથી ૩૬ કિ.મી.
મુળનાયકઃ શ્રી મલ્લિનાથજી
કાચની ઘણી કામગીરી છે.
મુળનાયક પ્રભુજી નલિયાથી પધાર્યા છે.
અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા
સંપર્કઃ ૬૩૫૮૩૩૧૩૧૪/૦૨૫૨૧૨૨૦૭૨૪

**૧૦. શ્રી સીમંધર સ્વામી જૈન તિર્થ :**
(નંદીગ્રામ, ગુજરાત- મહારાષ્ટ્ર બોર્ડર પાસે)
તલાસરી તીર્થથી ૧૫ કિ.મી.
મુળનાયક : ૧. શ્રી સીમંધર સ્વામી, ૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી
અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા
સંપર્કઃ ૯૩૭૫૯૮૪૦૮૯

(તલાસરી/નંદીગ્રામથી પશ્ચિમમાં દરિયા કાંઠા સુધીના વિસ્તારમાં અન્ય દસેક તીર્થ/જિનાલયો છે તેની માહિતી આગામી અંકોમાં). **- દીપક ગંગાજર ડાઘા**


**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
❖ REJECTED / DELAYED CLAIMS
❖ POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT: 9820853112**


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ
# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

**(વરાડીયા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦૪૯૦ ).**

**નોટીસઃ વાર્ષિક સામાન્ય સભા**

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ તથા શ્રી વરાડીયા કદઓ જૈન જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા.૭મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ બપોરે ૩.૩૦ ક. શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ / વાલજી લધા રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦ મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજનના સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**-ઃ એજન્ડા-કાર્યસૂચી ઃ-**

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૦૮-૦૧-૨૦૨૩ ની મિનિટસનું વાંચન તથા બહાલી.

૨) ગત વાર્ષિક સામાન્ય સભાની તારીખથી અત્યાર સુધીની ટ્રસ્ટ/ મહાજનની પ્રવૃત્તિઓનો અહેવાલ.

૩) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત તથા બહાલી.

૪) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષ માટે ઓડીટર ની નિમણૂક.

૫) વરાડીયામાં આ વર્ષે કોઈ સાધુ-સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ, જિનાલયના ૧૨૨ મા ધ્વજારોહણ તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી તથા દેરાસરના ગંભારા તથા રંગ મંડપમાં કલરકામ, ધાર્મિક ચિત્રકામ તથા નામ લખાણ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય.

૬) ભોજન શાળાના કોન્ટ્રાકટ રીન્યુઅલ બાબત ચર્ચા વિચારણા કરી આખરી નિર્ણય

૭) એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૯ સુધી પાંચ વર્ષની મુદત માટે ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ચુંટણી/નિમણૂંક.

૮) શ્રી વરાડીયા મુકામે નૂતન અતિથી ગૃહના નિર્માણ માટે રજૂ કરવામાં આવેલા પ્લાન અને ખર્ચ અંગે ચર્ચા વિચારણા કરી આગળ વધવા મંજૂરી તથા આ પ્રોજેકટ માટે દાતાશ્રીઓ મેળવવા સ્નેહમિલનનું આયોજન.

૯) જૂની આયંબીલવાડી તથા બાજુમાં આવેલ જગ્યા ઉપર સ્ટાફ ક્વાર્ટર્સ સાકાર કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય

૧૦) મા. રતનબાઈ રાઘવજી કાનજી મોમાયાની ટ્રસ્ટને મળેલ જગ્યાનું વહેંચાણ શકય ન બનતા તેનો ઉપયોગ આયંબિલ વાડીના પ્લોટ સાથે જોડી ટ્રસ્ટના અન્ય કોઈ હેતુ માટે કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય.

૧૧) પ્રમુખશ્રીની સંમતિથી અન્ય કાર્યવાહી.

**નોંધ :**

૧) વર્ષ ૨૦૨૨-૨૩ ના ઓડીટેડ હિસાબો તા. ૩૦ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૩ સુધી સાંજે ૪.૦૦ થી ૬.૦૦ ક. સુધી ટ્રસ્ટી-ખજાનચી શ્રી દીપક ગંગાજર શાહ (ડાઘા) ના નિવાસસ્થાન (એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મહાદેવ મંદિર પાસે, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦) ખાતે તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.

૨) આગામી ૫ વર્ષ માટે જે વરાડીયા વાસી પુખ્ત જ્ઞાતિજનને ટ્રસ્ટીપદ સંભાળવાની ઈચ્છા હોય, તેમણે પોતાના લેખીત આવેદનપત્ર તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં સેક્રેટરી. ટ્રસ્ટી પદમ લાલજી લોડાયા, બી-૧૧, ઓમ દુર્ગા સોસાયટી, રાજાજી પથ, ડોંબિવલી ઈસ્ટ, પીનકોડ- ૪૨૧૨૦૧ના સરનામે અથવા વોટ્સએપ પર (9322827085) મોકલી આપવા વિનંતી છે. જો ૧૦ થી વધારે આવેદનપત્રો આવશે તો વાર્ષિક સામાન્ય સભામાં ચુંટણી થશે. અન્યથા રાબેતા મુજબ નિમણૂંક /પસંદગી થશે

૩) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.

૪) એજન્ડાને લગતા/શિવાયના સવાલો કે સૂચનો મિટિંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા.

૫) સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

તા. ૦૫.૧૨.૨૦૨૩, મુંબઈ

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતિ**

**પદમશી લાલજી લોડાયા (સેક્રેટરી)- મો. 93228 27085 / 79772 68578**

## આરોગ્ય પ્રકાશ

# જઠરની તકલીફ, એસીડીટી અને હાર્ટએટેક

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



આજકાલ ખાનપાનના નિયમો ન પાળવાથી, બેઠાડુ જીવન જીવવાથી, કસરત-ચાલવાના અભાવથી, શુદ્ધ ભોજનને બદલે રસાયણિક ખાતર અને રસાયણો છાંટેલા ખાદ્યો ખાવાથી, પ્રિઝરવેટીવ-કેમીકલવાળા બજારૂ ખાદ્યો ખાવાથી, દુધાળુ પ્રાણીઓને ઓક્સીટોસીનના ઈન્જેક્શન અપાયેલ પ્રાણીઓના દુધ પીવાથી, (વધુ દુધ મેળવવા આ ઈન્જેક્શન અપાય છે) દુધી વગેરે શાકને જલ્દી મોટા કરવા ઓક્સીટોસીન ઈન્જેક્શન અપાય છે એવા શાક ખાવાથી, ભાગ દોડવાળી ટેન્શનવાળી જીંદગી જીવવાથી અને વિચિત્ર લાઈફસ્ટાઈલવાળું જીવન જીવવાથી હાર્ટએટેકના કિસ્સા વધતા જાય છે. મોટી ઉંમરના તો ઠીક પણ નાની પચ્ચીસથી ૫૦ વર્ષનાઓમાં પણ હાર્ટએટેક થવાના અને અમુક કિસ્સાઓમાં હાર્ટએટેકથી અચાનક મોતના કિસ્સાઓ દિવસેને દિવસે વધતા જાય છે. શરૂઆતમાં ખાનપાનના નિયમો ન પાળવામાં-ભુખ ન લાગે તોય જમવું, જીભના સ્વાદ માટે ગમે ત્યારે ખાવું, પહેલા ખાધું હોય એ પચ્યું ન હોય અને ખાવું, ઠાંસી ઠાંસીને ખાવું, સૂર્યાસ્ત પછી ખાવું, ખાવા પહેલા કે પછી તરત જ પાણી પીવું, જમણ સાથે કે જમ્યા પછી ઠંડુ પાણી કે ઠંડા પીણાં પીવા (જમ્યા પછી કલાક રહી હુંફાળુ કે સાજુ પાણી પીવું) ઉચાટભર્યા જીવે કે ઝડપથી ખાવું, ભોજન લઈ તરત જ બેસી જવું કે આડા પડવું વગેરે આવી જાય છે. રીફાઈન્ડ તેલ કે પામોલીન (પામ ઓઈલ, પામોલીનીક ઓઈલ કે પામીટીક એસિડ)માં બનાવેલ ખાદ્યો, ફાસ્ટફુડ કે વધુ પડતા સાકર-મીઠાવાળા ખાદ્યો હાર્ટએટેક માટેના મહત્ત્વના કારણો માટે જવાબદાર છે.

અમદાવાદના પદ્મશ્રી ડૉ. તેજસ પટેલના અનુસાર 'હાર્ટએટેક' માટે પામોલિન તેલ જવાબદાર છે. દારૂ અને સીગારેટ બંનેને ૧ સાથે જોડી દઈએ એના કરતા આ તેલ વધુ ખરાબ છે. એક પણ ફાસ્ટ ફુડ એના વગર બનતું નથી. બાળકોના ખાવાની એક પણ ચીજ આ તેલ વગરની બજારમાં નહીં મળે. સારી કંપનીના બિસ્કીટ, ચોકલેટ પણ સસ્તા પામોલિનથી જ બને છે. જે આપણા બાળકો ખાઈને જલ્દી ડાયાબિટીસ અને હૃદયરોગના શિકાર બને છે. આજકાલ ૫૦ વર્ષથી નીચેનાઓને હાર્ટએટેકના કિસ્સા બને છે. તેના કારણમાં આ પામોલિનનો મહત્ત્વનો અહમ્ ભાગ છે. તો આપણે ડૉ. તેજસ પટેલની ચેતવણીથી નહીં ચેતીએ અને આપણા બાળકોને આવી ચીજોથી નહીં બચાવીએ તો તેઓ નાની ઉંમરે હાર્ટએટેક, ડાયાબિટીઝના શિકાર ચોક્કસ બનશે અને અચાનક મોતના આવા કિસ્સા વધતા જ જશે.

છાતીમાં ડાબી બાજુ હૃદયની જગ્યાએ દુઃખવુ કે જોરદાર ભીંસ થવી, ચિક્કાર પસીનો થવો, ડાબા જડબામાં, ડાબા ખભામાં કે ડાબા હાથમાં ખાસ કરીને ટચલી આંગળી તરફનાં ભાગમાં દુઃખવું, પીઠમાં ડાબી બાજુ દુઃખવું, જોરદાર હાંફ ચડવી, ગભરામણ થવી, જીવ તાળવે ચોટવો, ઉલ્ટી-ઉબકા થવા આમાંના એકથી વધુ લક્ષણો(ટીપીકલ નિશાનીઓ) સાથે હોય તો હાર્ટએટેક આવે છે, પણ હવે તો વગર કોઈ નિશાનીએ અચાનક હાર્ટએટેકના કિસ્સા બનવા લાગ્યા છે અને અમુક કિસ્સાઓમાં એ ઘાતક પુરવાર થાય છે. અમુક દર્દીઓ હોસ્પિટલ સુધી પહોંચી નથી શકતા અને જીવ ગુમાવે છે.

અમુક કિસ્સાઓમાં દર્દીને પેટના ઉપરના ભાગમાં એટલે કે જઠરની જગ્યાએ હૃદયની નીચે કાંઈક ચૂંથાય, પેટની અંદર બેચેની થાય, આંટી જેવુ થાય, ટોઈલટ જવાની ઈચ્છા થાય અને અચાનક દર્દી કોલેપ્સ થઈ જાય-ત્યાં જ પડી જાય. કાર્ડીઓગ્રામ વગેરે તપાસમાં હાર્ટએટેક આવ્યો એ ખબર પડે, ક્યારેક સમયસર ચેકીંગ, ઈલાજ ન થાય તો એ ઘાતક પણ બની શકે.

અમુક કિસ્સાઓમાં દર્દીને ફક્ત એસીડીટી થાય, ગેસ થાય અને દર્દી તો ઠીક પણ ડૉક્ટર પણ થાપ ખાઈ જાય એને લાગે કે એસીડીટી છે. એ એસીડીટીનો ઈલાજ થાય પણ ફાયદો ન થાય. હકીકતમાં એ હૃદયને લોહી ઓછું મળવાથી છાતીમાં, પેટમાં બળતરા થતી હોય છે. જે એસીટીડી જેવું લાગે, સમયસર આવા કેસમાં નિદાન ન થાય. કાર્ડીઓગ્રામ, જરૂર હોય તો 2D Eco કે Stress Test (Tread mill Test) ન કઢાય તો અને સમયસર ઈલાજ ન થાય તો જોરદાર એટેકનો હુમલો આવે, હૃદયને ઘણું નુકશાન થાય અને ઘણીવાર એ ઘાતક બને છે. દર્દીએ જીવ ખોવો પડે છે ડૉક્ટર એસીડીટી-ગેસ કહી દવા આપે, ફરક ન પડે તો કાલે સવારે કાર્ડીઓગ્રામ વગેરે ચેકીંગ કરાવીશું, પણ ઘણાં કિસ્સામાં દર્દીઓ બીજા દિવસની સવાર નથી જોઈ શકતા. આવા

કિસ્સામાં દર્દીને ગળા નીચે, છાતીમાં વચ્ચે ભારે હોય એવું એ અનુભવે છે. એન્ટએસીડ, એસીટીડીની બીજી ગોળીઓ લેવાથી ખાસ આરામ નથી લાગતો. એસીડીટી અને આવી પરિસ્થિતિમાં જો કાર્ડિઓગ્રામ નીકળે તો એમાં 'T' વેવ અને 'ST' સેગમેન્ટમાં ફેરફાર આવે જે 'Ischemia of Heart' એટલે કે હૃદયને લોહી ઓછું મળે છે એમ દર્શાવે એટલે કે હૃદયને લોહી પહોંચાડતી મુખ્ય ૩ ધ્વનીઓમાંથી કોઈક ૧ કે વધુમાં બ્લોક દર્શાવે છે. જે હાર્ટએટેક આવવા પહેલાની સ્થિતિ દર્શાવે છે અથવા ECG માં એવા ચેન્જીસ આવે જે હાર્ટએટેક આવ્યો છે એમ દર્શાવે એટલે ડૉ. એ પ્રમાણે ઈલાજ તરત જ ચાલુ કરે, સગાવહાલાને જણાવે. આમ યોગ્ય સમયે તપાસ કરાવવાથી હાર્ટએટેક આવવાથી દર્દીને બચાવી શકાય, હૃદયને વધુ નુકશાન થતું બચાવી શકાય.

દરેક એસીડીટીના કેસ હાર્ટએટેક જ હોય એવું નથી. પણ હાઈ બી.પી. હોય, ડાયાબિટીઝ હોય, વધુ ઉંમર હોય, ટેન્શનવાળી લાઈફ હોય. બીડી, સીગારેટ, દારૂનું વ્યસન હોય, દાદરા ચડવા કે ચઢાણ ચઢતા શ્વાસ ફુલાતો હોય એવા કેસમાં એસીડીટીની દવા લેવા છતા ન મટે તો તે જરા શંકા જાય કે હાર્ટની તકલીફ તો નહીં હોય, તો ચેતી જઈ જરાય ટેન્શન રાખ્યા વગર સમયસર ચેકીંગ કરાવવાથી અને ECG માં ચેન્જીસ આવે તો સમયસર ઈલાજ કરાવવું જરૂરી બની જાય છે. હાર્ટ એટેકથી અને હૃદયને થનારા નુકશાનથી બચી શકાય છે. ચઢાણ ચડતા કે થોડા દાદરા ચડતા હાંફ ચડે કે શ્વાસ ફુલાય, દમની તકલીફ ન હોય એવી વ્યક્તિમાં એ હૃદયને લોહી ઓછું મળે છે તો જોરદાર સંકેત છે. એવા કેસમાં ECG સ્ટ્રેસ ટેસ્ટ કરાવવા ખૂબજ જરૂરી છે. સાદા ECG માં ખ્યાલ ન આવે તો ઊંડા શ્વાસ લઈ ECG કાઢવામાં આવે તો એમાં ક્યારેક હૃદયને લોહી ઓછું મળવાના ચેન્જીસ મળી આવે છે. લોહી ઓછું મળવાથી હૃદયના સ્નાયુને નુકશાન થયું હોય એવું ડૉ.ને લાગે તો લોહીની અમુક તપાસમાં ખ્યાલ આવે કે હાર્ટએટેક આવ્યો છે અને એ પ્રમાણે ઈલાજ ડૉક્ટર કરે.

**હાર્ટ એટેક આવે ત્યારે શું કરવું :** જ્યારે દર્દીને લેખના ત્રીજા ફકરામાં જણાવ્યા પ્રમાણે હાર્ટએટેકની ટીપીકલ નિશાનીઓ, ચોક્કસ લક્ષણો દેખાય એના પરથી લાગે કે દર્દીને હાર્ટ એટેક આવ્યો છે ત્યારે એસી અથવા પંખો ચાલુ કરો, દર્દીને Sorbitrate નામની ગોળી જીભ નીચે રાખવા આપો અથવા જાતે મૂકો, એ ન હોય તો દર્દી ચાવી શકે એવી સ્થિતિમાં હોય તો આદુનો દોઢેક ઈંચ ટુકડો ખૂબ જોરથી ચાવવા કહો. અથવા લાલ-લીલુ મરચું આખું ખાવા કહો. Ecosprin Gold-20 પાવરની ગોળી હોય તો એ આપો નહીં તો Aspirin ની બે ગોળી આપો. આમાંથી જે શક્ય હોય તે તાત્કાલીક કરો જેથી હૃદય લોહી પહોંચાડતી નસો Coronary Arteries ખુલશે અને હૃદયને વધુ લોહી મળશે એ દરમ્યાન દર્દીને તાબડતોબ નજીકની હૃદયની હોસ્પિટલ- Cardiac હોસ્પિટલ અથવા જે હોસ્પિટલમાં એમ.ડી. ડોક્ટર હોય એમાં વગર ચલાવ્યે, વ્હીલ ચેર, સ્ટ્રેચર કે ખુરશીમાં બેસાડી લઈ જાવ. દર્દીને ચલાવવો કે દાદરા ચડ-ઉતર બિલકુલ કરાવવા નહીં, નહીં તો જોખમ ઓર વધી જશે. રસ્તામાં જો બની શકે તો, હોંશમાં હોય તો દર્દીને ઊંડા શ્વાસ લઈ જોરથી ખાંસી ખાવા કહેવું અને આ ક્રિયા કરતા રહેવું. આમ કરવાથી હૃદયને લોહી વધુ મળશે. અને હોસ્પિટલ પહોંચી શકાશે. આ દરમ્યાન હોસ્પિટલમાં ફોન કરી જણાવો કે આ પ્રકારના દર્દીને અમે લઈ આવીએ છીએ એટલે હોસ્પિટલનો સ્ટાફ આ પરિસ્થિતિની તૈયારી કરી શકે.

**હાર્ટની નસોમાં બ્લોક ન થાય એ માટે શું કાળજી રાખવીઃ** લેખના પહેલા ફકરામાં જણાવ્યું એમ ખોટી લાઈફ સ્ટાઈલ જીવતા હો તો એ ચેન્જ કરો. આ ઉપરાંત નિયમિત ૧ નાની ચમચી તજ પાવડર, ૪ આખા અખરોટ, ૫ આખી બદામ, ૪ ચમચી અળશી લ્યો. તજ પાવડર ખોટી ચરબી દૂર કરી હૃદય-શરીરને સ્વસ્થ રાખશે. બાકીની ૩ ચીજોમાં ઓમેગા-૩-ફેટી એસીડ હોય છે જે હૃદયનું રક્ષણ કરશે, સાંધાનું રક્ષણ કરશે. પ્રકૃતિ અને સીઝન પ્રમાણે લસણની ૧ થી ૩ કળી કાચી ખાઓ, ચટની બનાવી ખાઓ. એલચી, લાલ મરચાનું પાવડર પ્રમાણમાં લ્યો. (એસીટીડી હોય તો મરચું ટાળવું) ૨૦૦ ગ્રામ કડવી ન હોય એવી દુધીનો રસ તુલસીના ૫ પાન, ફુદીનાના ૫ પાન, ચપટી મરી પાવડર, ચપટી સેંધા નમક સાથે ખાલી પેટે લેવાથી હૃદયની નસોના બ્લોક ખૂલી જાય છે. દુધી સૌથી ક્ષારીય વસ્તુ છે જે લોહીને ક્ષારીય-અલ્કલાઈન બનાવે છે જે શરીરને હૃદયની અને બીજી બિમારીઓથી બચાવે છે. રોજ ૩-૪ દુધીના પતાકા(સ્લાઈસ) અથવા લીંબુની ૩-૪ સ્લાઈસ કાચના કે સ્ટીલના જગમાં પાણીમાં નાખી ૨ કલાક પછી આ પાણીનો પીવામાં ઉપયોગ કરો. બાજરી, જુવાર, મકાઈ, જવ, નાચણી, નાગલી, મેદરી જેવા જાડા ધાન્ય, મિલેટ્સનો ઉપયોગ ખાવામાં વધારો. ઘઉં, ચોખાની ચીજો બને ત્યાં સુધી ટાળો. ઘઉં, ચોખા લોહીમાં સાકર જલ્દી વધારે અને હૃદય-શરીરને લાંબે ગાળે નુકશાન થાય. ચણા, લાલ, કાળા,

રાજમા, સીંગ જેવા રાજમા (Pintobeans), વાલ, બીન્સ, વટાણા, દાળો (lentils) નો ઉપયોગ ખાવામાં કરો. એમાં ફાયદાકારી પ્રોટીન મળશે. ચરબી સાવ ઓછી અને કોલેસ્ટ્રોલ બિલકુલ નથી. તુવરદાળ, મગદાળ (છલ્ટી), ચણાદાળ વગેરે દાળો શાકાહારી માટે પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત છે જે શરીરને જરૂરી છે, ફેટ સાવ ઓછી, કોલેસ્ટ્રોલ ન હોવાથી હૃદય માટે ગુણકારી છે. ચણા, રાજમા (બધા પ્રકારના) હૃદયને નિરોગી રાખવામાં મદદ કરે છે. ફળો, શાકભાજી અડધી થાળી અને અડધી થાળી અનાજ, દહીં, છાશ એ પ્રમાણે જમો.

બેઠાડુ જીવન ત્યજો, કસરત, ચાલવાનું વધુમાં વધુ કરો. જેટલું ચાલશો એટલું શરીર ચાલશે, હૃદય ચાલશે. બેસી રહેશો તો સાંધા, સ્નાયુ, હૃદય બધું જામ થશે. રીફાઈન્ડ તેલ, પામોલીન તેલના પદાર્થો, પ્રોસેસ્ડ ફાસ્ટ ફુડ, કેમિકલ-પ્રીઝરવેટીવવાળા બજારૂ પેકેટ્સ, મેંદાની ચીજો, ચોકલેટ, વધુ પડતી સાકર, મીઠું, ઠંડા પીણા, ઠંડુ પાણી આ બધી ચીજો હૃદયને નુકશાનકારક છે. મીઠું-નમક આખા દિવસની ૧ નાની ચમચી (૫ ગ્રામ) થી વધુ નુકશાનકારક, બજારૂ ચીજો પામોલિનથી બનેલી નુકસાનકારક છે. સાકર-મીઠાથી ભરેલી હોય છે જે હૃદયરોગ તરફ દોરી જાય છે. પ્રમાણસર ડ્રાટફ્રુટ્સ રોજ લ્યો. ટેન્શનથી દૂર રહો, સંતોષી જીવન જીવો, ગુસ્સો, રાગ, દ્વેષ, નિંદાથી દૂર રહો, હકારાત્મક વિચારસરણી રાખો, નિયમિત પ્રાર્થના, મેડીટેશન ધ્યાન કરો. ૭ કલાકની શાંત, ગાઢ ઉંઘ લ્યો. જીવનને નિયમિત બનાવો અને બીજાઓને ઉપયોગી થાવ, સેવાના કાર્ય કરો જેની હૃદય પર હકારાત્મક અસર પડશે. બી.પી, ડાયાબિટીઝ, થાઈરોઈડ વગેરે હોય તો નિયમિત ગોળી લ્યો, સમયાંતરે ચેકીંગ કરાવો.

આમ હૃદયને તંદુરસ્ત રાખે એવી લાઈફ સ્ટાઈલ અપનાવો અને હૃદયને નુકશાન કરે એવી ચીજોથી, હૃદયની ધમનીઓમાં બ્લોક્સ ઉત્પન્ન કરે એવી ચીજોથી દૂર રહી હાર્ટ એટેકથી બચો.

**પુ. સાધ્વી શ્રી અમીવર્ષા પુ.સા. જૈનવર્ષાની અનુમોદના**

પુ. ગુરૂદેવ શ્રી ગુણગુણોદય, કલાપ્રભાસુરીશ્વરની કૃપાઆશિષે,
માટુંગા સંઘ શુદ્ધિકરણની હિમાયતથી વધુ પુણ્યશાળી આ ચાતુર્માસે
ગુરૂવંદન થાશે કે છેડા પડિલેહણ થાશે
આવશ્યક ક્રિયા વખતે બે ગુરૂણીઓને ના ભૂલાશે.
વહેલી પરોઢે એન્જીનનો અવાજ સંભળાવ,
આગમ એક્સપ્રેસના એંધાણથી જીવન ગતિમય થાય.
મંગળના મંત્રથી મળ્યા મોક્ષના મંગળમોતી
ગૌતમસ્વામીની ગુરૂભક્તિમાં લબ્ધિની ગરિમાગોતી
ઋષી મંડળની ઋજુતા હૃદયને રૂચિ,
સરસ્વતીના સવાલાખ સ્વાધ્યાયે સફળતા સૂચી.
શત્રુંજયના લઘુકલ્પથી રોજ કરીએ યાત્રા,
ઉત્કૃષ્ટ લક્ષ્મીપૂજન, શારદાપૂજનથી વધી છે મુક્તિની માત્રા
ઈતિહાસના વિરલાઓની માતાઓની સંવેદના જાણી
અદ્ભૂત કરૂણાસભર સંવાદોભરી દાસ્તાન માણી
સદા ઉદ્યમી, હોંશિલા, દિલેર જૈનં જયતિનો નાદ ગજવનારા
સદા યાદ રહેશે ગાથાના શુદ્ધિકરણના, ક્રિયાના સ્પષ્ટીકરણ કરાવનારા.
આપનું જેવું નામ એવાજ ગુણો છે અપરંપાર
અમીભર્યા વિશાળ જૈન જગતમાં વરસયા કરશો વારંવાર.
પ્રભાવશાળી પ્રવચનો, અનુષ્ઠાનોથી મોક્ષ માર્ગ બતાડનારા
જલ્દીથી વારંવાર પધારશો પાયાની વાતો શીખવાડનારા!
મિચ્ચામિદુક્કડમ્!!

**રચયિતા : શ્રીમતી ખમા ધર્મેન્દ્ર નાગડા-માટુંગા**
૯૩૨૪૦૧૩૬૮૦.

**મળીશ ?**

મારે...
ચાર દીવાલોની બહાર તને મળવું છે.

તું પૂછીશ...
શા માટે?
તો... કારણની મને જાણ નથી,
ને બહાના બનાવવા મને પસંદ નથી.

તું પૂછીશ...
ક્યાં ?
તો... એવા કોઈ સ્થળની મને જાણ નથી.
ને ભીડમાં મળવું મને પસંદ નથી.

તું પૂછીશ...
ક્યારે?
તો... સમય પર મારું આધિપત્ય નથી,
ને ઘડિયાળમાં થોભી જવું મને પસંદ નથી.

છતાંય... મારે તને મળવું તો છે.
અકારણ... એકાંતમાં ને આ ક્ષણે જ.

હે ઈશ્વર...
તું મને મળીશ?

- પ્રફુલ જોષી


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

શબ્દ
કોયડો

# ધર્મસંદેશ - તા. ૦૫-૧૨-૨૦૨૩

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) જેઓને ૧૪ પૂર્વનું જ્ઞાન હોય તે (૪)
૪) નેમિનાથનું લાંછન (૨)
૬) સુવિધિનાથનું લાંછન (૩)
૮) બ્રાહ્મી સતીજીની માતા (૪)
૧૦) પરમપદ (૨)
૧૧) દેરાસર તથા પ્રતિમાજીની સંભાળ રાખનાર (૩)
૧૨) રાણકપુર તીર્થના નિર્માતા (૫)
૧૪) ઘાતી કર્મો કેટલા (૨)
૧૫) ભાવના કેટલી (૨)
૧૬) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૧૭) વીસ વીહરમાનમાંના એક (૩)
૧૯) ચક્રવર્તીના રત્નો કેટલા? (૨)
૨૦) કર્ણાટકમાં આવેલ શાંતિનાથનું જીનાલય (૪)
૨૧) કંબલ-સંબલ નામના બે .... સમાધીથી મરવાથી દેવ બને છે (૩)
૨૨) શત્રુંજય ઉપર આવેલ એક પરબ (૨)
૨૩) એક અનંતકાય (૪)
૨૬) .... રે મારા પ્રભુજીને શોભતી (૩)
૨૭) વનસ્પતિકાયાના પ્રકાર કેટલા? (૧)

**ઊભી ચાવીઓ :**

૧) આદેશ્વરનું એક કલ્યાણક અહીં થયું છે (૫)
૨) ચક્રવર્તીઓના ..... ૧૪ છે (૨)
૩) અવધિજ્ઞાનના ભેદ કેટલા? (૧)
૪) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૫) પાતાલ એ અનંતનાથના ...... છે (૨)
૭) ધર્મનાથનું જન્મ સ્થળ (૪)
૮) ધૃતકલોલ પાર્શ્વનાથનું તીર્થ (૩)
૯) પ્રભાસજી એ આ કાળના અંતિમ ...... હતા (૪)
૧૦) શત્રુંજય ઉપર આવેલ એક ટુંકનું નામ (૩)
૧૩) પાલીતાણા પાસે આવેલ આદીનાથનું તીર્થ (૪)
૧૪) એક પાપસ્થાનક (૨)
૧૫) શ્રવણ બલગોડાના મુળનાયક (૪)
૧૭) એક પક્ષ (૨)
૧૮) અષ્ટપ્રકારી એક પૂજા (૨)
૧૯) ત્રિશલા માતાને આવેલ સ્વપ્ન (૨)
૨૦) પાર્શ્વનાથનું તીર્થ જેને દક્ષિણનું જલમંદિર કહેવાય (૩)
૨૧) અચલગચ્છના ગચ્છાધિપતિનું ચાતુર્માસ હમણાં અહીં હતું (૩)
૨૨) ગુજરાતના આ ગામમાં શાંતિનાથનું જીનાલય છે (૩)
૨૪) પહેલા સમેતશિખરજી ઉપર આપણી ...... કરવા કૂતરો આવતો (૨)
૨૫) પૂનામાં આવેલ ...... આકારનું જીનાલય (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૧૧.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) ભરત (૩) પાંચમા (૭) પટી (૮) બલદેવ (૯) ચલ (૧૧) ચૌદ (૧૩) નામ (૧૪) પન્નવણા સૂત્ર (૧૬) ત્રણ (૧૭) રજત (૧૯) ખારેક (૨૦) બે (૨૨) ભુવન (૨૪) લાડુ (૨૫) દિવા (૨૭) યતિ (૩૦) દુ:ષમ દુ:ષમ (૩૧) અનાથ. **ઊભી ચાવીઓ :** (૧) ભરૂચ (૨) તપ (૪) ચક્ષુ (૫) લાલ (૬) કેવળજ્ઞાન (૮) બદનાવર (૧૦) નંદીસૂત્ર (૧૨) નવ (૧૪) પચ્ચખાણ (૧૫) ત્રણ (૧૮) જગડુશા (૨૧) સંભવનાથ (૨૩) નય (૨૬) વાલમ (૨૮) તિર્થ (૨૯) દ્વેષ

।। શ્રી મહાવીરાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ

મુ. પો. જામનગર (સૌરાષ્ટ્ર), ગુજરાત.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો,** મુંબઈ, તા. ૧૮-૧૧-૨૦૨૩

# આભાર... અભિનંદન... અનુમોદના...

## અહેવાલ

**સ્નેહમિલન - મંગળવાર, તા. ૨૪-૧૦-૨૦૨૩ (દશેરા) ભાંડુપ-મુંબઈ**

સત્કાર્યોમાં સહયોગી થવાની ભાવના એ આપણી જૈન પરંપરાનું અણમોલ રત્ન છે. અંતરની કરૂણાને દાન સ્વરૂપે જન કલ્યાણમાં પ્રયોજવાની આવી ઉજ્જવલ પરંપરાનો ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણે સૌએ આપણા સ્નેહમિલનના કાર્યક્રમમાં ઉછામણીઓ દ્વારા આપી કાર્યક્રમને ખૂબ જ યશસ્વી બનાવ્યો.

**''શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ''** અને **''શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ''**ના મકાનના નૂતનીકરણ માટે શાસનરત્ન પરમ આદરણીય ભાઈશ્રી નરેન્દ્ર રામજી નંદુ અને યુવા જોશીલા શ્રી મેઘ નંદુ દ્વારા ઉછામણીઓને ખૂબજ સુંદર પ્રતિસાદ મળ્યો અને અમારી ધારણા કરતા વધારે રકમના વચનો મળ્યા.

સોનામાં સુહાગા કહીએ તો શ્રી રામજી માણેકજી નાગડા, રંગપુર-વડાલાના સુપુત્ર **શ્રી સુરેશ રામજી નાગડા પરિવાર** દ્વારા **શ્રીમતી કિરણ સુરેશ રામજી શાહ (નાગડા) ''સૂર્ય કિરણ'' કે. ડી. ઓ. ભવનને** નામ આપવાની શરતે સૌથી મોટી બોલી બોલ્યા અને વડીલનું નામ સાર્થક કરી ઋણ અદા કર્યું.

બીજી બધી ઉછામણીઓ પણ ખૂબજ ઉછળતા ભાવથી બોલાઈ ટ્રસ્ટ મંડળ અને હાજર સર્વે જ્ઞાતીજનો ખુશીથી નાચી ઉઠયા. નાના-મોટા બધા આ વિરાટ અને ભગીરથ કાર્યમાં લાભ લઈ શકે માટે **૧ ફીટના રૂા. ૨,૦૦૦/-** પ્રમાણે નામો લેવાયા અને ટીપે ટીપે સરોવર ભરાય તેમ ઘણા બધા જ્ઞાતિજનોએ લાભ લઈને પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી.

આ બધું શકય બન્યું તે બદલ ટ્રસ્ટ મંડળ કારોબારી સભ્યોની અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના સંગઠનની પૂર્વ તૈયારી રંગ લાવી. આ પ્રસંગે **ડૉ. શ્રી બિપીન પુષ્પાબેન પાશ્વીર નાગડા (રંગપુર-ભીવંડી-મુલુંડ)** દ્વારા સમગ્ર વિશ્વના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનોને સાધર્મિક ભક્તિ રૂપે નાત જમણનો અસાધારણ અમુલ્ય મહાન લાભ લીધો અને કાર્યક્રમમાં જ્ઞાતિજનોની ખીચોખીચ હાજરીથી ઉછામણીને ખુબજ બળ મળ્યું.

**મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા** અને **ટ્રસ્ટીગણ** આ કાર્યક્રમમાં ખાસ પધાર્યા અને સૌના મન જીતી લીધા. તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવેલ.

મેવાડ હોલની સગવડતા અને ભાવતા ભોજન પીરસવાની જવાબદારી ફાઈવ સ્ટાર કેટરર્સના મનોજભાઈએ સુપેરે પાર પાડી તે બદલ ધન્યવાદ.

જામનગર મુકામે ઉપાશ્રય, અતિથિગૃહ, ભોજનશાળા, વિદ્યાર્થીગૃહ, કન્યા છાત્રાલય વગેરે અદ્યતન શૈલીમાં બનાવવામાં આવશે જેનાથી જ્ઞાતિજનોને અદ્યતન સગવડ મળી રહેશે.

આ પ્રસંગે સર્વે દાતા પરિવારોનું બહુમાન તેમજ **મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી, રંગપુર, સેવક ભરૂડીયા, દલતુંગી, જામનગર** ના પ્રમુખોને દીપ પ્રાગટ્યમાં બોલાવી તેમનું સ્વાગત કરવામાં આવેલ. તન-મન-ધનથી સહકાર આપવા બદલ આભાર માનવામાં આવેલ.

સંસ્થાની આગામી માહિતી જ્ઞાતિજનોને સમયે સમયે જણાવવામાં આવશે.

ફરી એક વખત સર્વે જ્ઞાતિજનો જેમણે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે હાજરી આપી અમને પ્રોત્સાહીત કર્યા તે બદલ સૌનો આભાર, અનુમોદના અને અભિનંદન. અજાણતા ભુલચુક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ.

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ તથા કારોબારી સમીતી વતી**
**શ્રી સુનીલ માણેકજી લોડાયા (માનદ્ મંત્રી) તથા શ્રી બિપીન પાશ્વીર નાગડા (માનદ્ મંત્રી)**

એ પોઝીટીવ સ્ટોરી

# કચ્છ જીલ્લાના સન્નિષ્ઠ સમાજસેવક શ્રી પ્રબોધ મુનવર


**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**- ટ્રસ્ટી, માનવ જ્યોત

મો.નં.- **98200 39469**




ફક્ત ભુજમાં જ નહીં સમસ્ત કચ્છ જીલ્લાના દરેક ગામમાં પ્રચલિત અને વિખ્યાત બનેલું નામ તે માનવ જ્યોતના સંન્નિષ્ઠ સેવાભાવી લોકપ્રિય સમાજસેવક શ્રી પ્રબોધ મુનવર.

તેઓ માનવ જ્યોતના નામે વિવિધ સમાજસેવાલક્ષી પ્રવૃત્તિઓથી, ખૂબ મોટા પાયે સમાજ કલ્યાણના કાર્યોથી મુશ્કેલીમાં મુકાયેલા માનવીની કપરી પળે તેમની પડખે ઊભા રહી ઉગારી લે છે, નવજીવન બક્ષે છે. તો જીવદયા ક્ષેત્રે પણ પશુ પંખીની સેવા કરી તેમને જીવતદાન આપે છે.




૧૯૯૪ થી શરૂ થયેલ, CA કે.સી.લુઠીયા અને શ્રી વલ્લભજી ડી. શાહ (માનવ મિત્ર)ની પ્રેરણાથી આરંભાયેલી આ સંસ્થા આજે માનવતાને ચાર ચાંદ લગાડે છે.

શ્રી પ્રબોધભાઇની ટીમ આર્થિક, શારીરિક, માનસિક અને કૌટુંબિક સમસ્યાઓથી ઘેરાયેલા, સુધબુધ ખોઇ બેઠેલા, ભાન ભુલી અહીં તહીં કચરાના ઢગલા, ગટરની પાડ પર પડ્યા પાથર્યા રહેતા, એકલા અટુલા લોકોને, ઘરકંકાશ, આર્થિક બોજ અને સામાજીક રામસ્યાથી ઘેરાયેલા ભુલ્યા ભટક્યાઓને પ્રેમથી સ્વીકારી તેમને બાલદાઢી કરી,સ્વચ્છ બનાવી, સારા કપડા પહેરાવી તેમની કાયાપલટ કરાવે છે. તેમની સારવાર કરે છે.

સાંત્વના, સંવેદના અને સ્નેહથી તેમને આવકારી જીનેકી નઇ રાહ દેખાડનારા માનવ જ્યોતના સેવાભાવી કાર્યકરો ખરેખર ઇશ્વરના દૂત બની માનવતાનું નેક અને નક્કર કાર્ય કરે છે.

આજ સુધી આશરે ૧૫૦૦ જેટલા દિવ્યાંગો તેમના પોતાના પરિવાર સાથે પુનઃમિલન પામે ત્યારે એ દ્રશ્ય જોઇ ભલભલાની આંખોમાં આંસુ લાવી દે છે.

આશરે રૂા. બે કરોડના ખર્ચે ભુજમાં પાલારા જેલની પાછળ માનવ જ્યોતનું શ્રી રામદેવ સેવાશ્રમ કચ્છ, મુંબઈ – કચ્છના દિલાવર દાતાઓના સહયોગથી આજે ત્યાં માનવતાનું મંદિર મહેક ફેલાવતું રહે છે.

ટીફીન સેવા,અન્નદાન, ચકલી ઘર, પાણીના કુંડા, કુતરાને રોટલાં, બિનવારીસ લાશને અગ્નિદાહ, નિઃશુલ્ક છાશ, જ્ઞાતીજન દ્વારા સમુહ લગ્ન,ઓકસીજન સીલીંડર, વૃક્ષારોપણ જેવી સમાજ ઉત્કર્ષની ૫૦ થી વધુ પ્રવૃત્તિઓ કરતા સામાજીક કાર્યકરોને સમાજકલ્યાણના ઉત્કૃષ્ટ ઉદ્દીપક સેવાકાર્યની જ્યોત સતત જલતી રાખતા માનવજ્યોત પરિવારને લાખો લોકોની નિષ્ઠા અને નિઃસ્વાર્થપણે સેવારૂપી માનવસેવાની જ્યોત જલતી રાખે છે, તેવા શ્રી પ્રબોધભાઇ મુનવર અને તેમની સેવાલક્ષી ટીમને શત્ શત્ વંદન.

આ માનવતા અત્તરના પુમડા જેવી હોય છે. એની આસપાસ ઊભેલા લોકોને પણ એની સુવાસ તરબોળ કરતી રહે છે.

માટે જ માનવ સેવા એજ પ્રભુ સેવા !


**Exclusive Embroidery & Upto date Finishing**

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / 83692 52836** **Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976** Follow us on



# REQUIRED

For MITC Rolling Mills Mechanical / Electrical Engineers and Commerce graduates.

**Location : Dindori, Nasik**

Interested candidates may apply at **mitcsteel@gmail.com**

## પડાણા (એકમનગર) ગાંધીધામ તથા જૈનનગર ભુજના પ્લોટ ધારકો જોગ

પ્રિય જ્ઞાતિ બંધુઓ,

જય જીનેન્દ્ર,

આપણા માદરે વતન કચ્છમાં જમીન-પ્લોટ હોય તો તેના વેંચાણ બાબત

લગભગ એક વરસ પહેલા મેં જ્ઞાતિ મુખપત્ર પ્રકાશ સમીક્ષામાં પડાણા એકમનગર મધેના આપણા જ્ઞાતિબંધુઓના પ્લોટોના વેંચાણ બાબત જાહેરાત આપેલ. જેના અનુસંધાનમાં જ્ઞાતિ બંધુઓ તરફથી સરસ પ્રતિભાવ સાંપડેલ.

અત્યાર સુધીમાં ૭૫ પ્લોટોનું વેંચાણ થઈ ગયેલ છે. અને તે પ્લોટ ધારકોને પેમેન્ટ પણ થઈ ગયેલ છે.

પડાણાના સર્વે નં. ૭૦, ૭૧, ૭૫, ૭૬-૧, ૭૬-૨ છે.

જૈન નગર ભુજના સર્વે નં. ૪૭૧ છે. બંને જગ્યાએ વેંચાણની પ્રક્રિયા ચાલુ થયેલ છે. આપની ઈચ્છા હોય તો અમારો સંપર્ક જરૂરથી કરશો. વિગતવાર હકીકત તમને સમજાવી શકશું.

લગભગ ૨૫/૨૭ વરસો પહેલાં બંને જગ્યાએ આપણાં જ્ઞાતિબંધુઓએ પ્લોટો લીધેલ. કદાચ આપણી પાસે પ્લોટના દસ્તાવેજ જરૂરી ડોક્યુમેન્ટ ન હોય તો તે અમે પ્રયત્ન કરી કઢાવી આપશું. ત્યાં થનાર ખર્ચ વેંચનારે ભોગવવાનો થશે. તદ્ઉપરાંત કોઈ પ્લોટધારકનું અવસાન થયેલ હશે તો તેમના વારસદારો માટે વારસાઈ કરાવવી પડશે. તે પણ યોગ્ય પ્રક્રિયા મારફતે કરાવી આપશું અને ત્યાં જે ખર્ચ થશે તે વેંચનારે ભોગવવાનો રહેશે.

અન્ય ખર્ચામાં પ્લોટોની કાયદાકીય પ્રક્રિયા, વારસાઈ પ્રક્રિયા પુરી કરવા માટે મામલતદાર ઓફીસ, ગ્રામ પંચાયત કે અન્ય જગ્યાએ આવવા-જવાનું થાય તો તે ખર્ચ વેંચનારે ભોગવવાનો રહેશે જેની નોંધ લેશોજી.

સંપર્ક માટે :

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**
**9930008339**
**મહેન્દ્ર વેલજી લોડાયા 9925990943**

આપ સૌના સાથ સહકારની અપેક્ષા સહ અત્યાર સુધી વેંચાણ માટે જે જ્ઞાતિબંધુઓએ અમારામાં વિશ્વાસ મુકી સહકાર આપ્યો તે સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર.

એજ લી. આપનો ભવદીય
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**
ના જય જીનેન્દ્ર-જય જ્ઞાતિ મૈયા

Advt.

## ગૌરંગ બાલુડો પોલડીયા પરિવારના સૌ ભાવિકો તથા નિયાણી બહેનો જોગ

(ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી, ડુમરા)

કચ્છ ધણીયાણી, મા જગદંબા, આપણા કુળદેવી પૂજ્ય આશાપુરા માતાજીની તેરમી સમુહ પહેડીનું મહાવદ અગીયારસ રવિવાર, તા. ૭.૧.૨૦૨૪ના રોજ સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)માં આયોજન કરવામાં આવેલ છે.

છ એ છ ગામના પોલડીયા પરિવારોના ભાવિકો તથા આપણી નિયાણી બહેનોને સહકુટુંબ પહેડીમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. તો આપ સૌ સમયસર પધારશો એવી નમ્ર વિનંતી.

**: લાભાર્થી પરિવાર :**

**માતુશ્રી દેવકાબાઈ પદમશી હંશરાજ પોલડીયા સમસ્ત પરિવાર, ગામ ગોએરસમા હાલ જલગામવાલાએ અનેરો લાભ લીધો છે.**

સૌ પ્રથમ ભાવિકોએ સવારના ૮.૩૦ કલાકે વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર, ઝવેર રોડ પાસે પધારવાનું છે, ત્યાંથી હર્ષોલ્લાસ સાથે વાજતે ગાજતે પૂ. માતાજીના સથવારે વરઘોડારૂપે વાડીમાં પહોંચશું.

**કાર્યક્રમ નીચે પ્રમાણે છે**

૧) સવારના ૮.૩૦ ક. વાસુપુજ્ય સ્વામી જૈન દેરાસરથી વરઘોડાની શરૂઆત.

૨) ૯.૦૦ ક. લાભાર્થી પરિવાર પૂ. માતાજીનું ભાવભર્યું સ્વાગત કરશે.

૩) ૯.૧૫ ક. સંગીતના સથવારે ભક્તિગીતોની શરૂઆત.

૪) ૧૧.૦૦ ક. લાભાર્થી પરિવારોનું બહુમાન.

૫) ૧૧.૧૫ ક. જાહેરાતો.

૬) ૧૧.૩૦ ક. લાભાર્થી પરિવારના સથવારે પૂ. માતાજીને પ્રસાદ ધરાવવામાં આવશે.

૭) ૧૧.૪૫ ક. સંગીતના સથવારે ભક્તિગીતો, રાસગરબાની રમઝટ.

૮) ૧૨.૩૦ ક. લાભાર્થી પરિવારના સથવારે મહાઆરતીનું આયોજન.

૯) ૧૨.૪૫ ક. મહાપ્રસાદ.

૧૦) ૧.૪૫ ક. આભાર દર્શન અને પુર્ણાહુતી.

**એજ લી. ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર સમિતીના જય માતાજી.**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ક.દ.ઓ. મહાજન – નાગપુર

મહાજન દ્વારા તા. ૧૯.૧૧.૨૩ના દિવાળી મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. સંઘના દરેક સભ્યોએ ખૂબ જ ઉત્સાહ અને આનંદથી ભાગ લીધો. દર વર્ષની મુજબ નાના ભૂલકાઓને પ્રોત્સાહિત કરવા વિવિધ પ્રકારની બક્ષીસો આપવામાં આવી. પાંચોરા મુકામે 'મહારાષ્ટ્ર એકમ'નો જે કાર્યક્રમ યોજાયો હતો તેના વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી. ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી સત્યેન્દ્રભાઈ લોડાયા તથા સૌ. અંજનાબેન પટેલે કાર્યક્રમમાં હાજરી આપી હતી.

### મંજલ રેલડિયા સ્નેહ મિલન

મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ દ્વારા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., આગમ દિવાકર પ.પૂ.આ.ભ. મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. અને મંજલ સંયમ રત્ન પ.પૂ. મુનીરાજ પ્રિયંકરસાગરજી મ.સા.ની પ્રેરણા-શુભ આશીર્વાદે જૈનમ હોલ, એલબીએસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ) ખાતે તા. ૧૦.૧૨.૨૩ના સ્નેહમિલન અને વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

### વિમલનાથજી ગૃહજિનાલય કાંજુરમાર્ગ

અચલગચ્છીય સમાચારીને અનુસરતાં કારતક સુદ એકમની પ્રાતઃ ગૌતમ સ્વામીના રાસ વાંચન કરવામાં આવ્યું હતું. તથા ગૃહ જિનાલયના દ્વારો ઉદ્‌ઘાટનના ચડાવાનો લાભ અનંતનાથ મહિલા મંડળ કાંજુર માર્ગને પ્રાપ્ત થયો.

### તીરૂપુર મેડીકલ કૉલેજ માટે બ્લડ ડોનેશન કેમ્પ

પરજાઉના તીરૂપુર નિવાસી સતીશ હંસરાજ નાગડા દ્વારા તીરૂપુર મેડીકલ કૉલેજ એન્ડ હોસ્પિટલ માટે પ્રાચી એક્સપોર્ટસના સીએસઆર પ્રોગ્રામ હેઠળ એચડીએફસી બેન્ક, મૂયારંચી અમાઈપૂ તેમજ લેડીઝ સર્કલ અને રાઉન્ડ ટેબલના સહયોગમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યું હતું. કેમ્પમાં ૭૧ બોટલ બ્લડ પ્રાપ્ત થયું હતું.

### છેડા ગોત્રના કુળદેવીની સમુહ પહેડી

સમસ્ત કદઓ જ્ઞાતિ છેડા ગોત્રના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડી સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ ખાતે તા. ૧૦.૧૨.૨૩ના રોજ સવારના ૯.૧૫ થી શરૂ કરવામાં આવશે.

### રાપર ગઢવારી-સિંધોડી સ્નેહ સંમેલન

રાપર ગઢવારી-નાની સિંધોડીના ગામવાસીઓ અને નિયાણી બહેનોનું સ્નેહમિલન તા. ૧૯.૧૧.૨૩, રવિવારના સવારે ૧૦ વાગ્યાથી એલબીએસ માર્ગ, ભાંડુપના મેવાડ કેશરી હોલમાં યોજાશે.

### અનુપમેય શિક્ષિકા ડૉ. ઝોહરા

યુનેસ્કો અને રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષા પરિષદ યોજિત રાષ્ટ્રીય સેમિનારમાં ગુજરાતમાંથી પસંદ કરાયેલા એકમાત્ર મહિલા શિક્ષક ડૉ. ઝોહરા તાજેતરમાં અવસાન પામ્યા.

